

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મહાપૂજા પછી ભક્તોને પણ નમણ મળે છે,*
*સગાં-સંબંધી અને મિત્રોને પણ જમણ મળે છે.*
*રમણ-ભમણ થાય નીતિ-નિયમો, સંકટમાં -*
*સંકોરવા જૂના નાતાને પણ 'ધમણ' મળે છે!*

### હાઈકુ

*હોય કૂવામાં*
*તો જાય છે થોડુંક*
*હવાડે પણ...*

*હાથમાં જેના -*
*તો વળે છે તેનાં જ*
*મોઢાં તરફ...*

### ચિંતન

**યસ્યાસ્તિ સર્વત્ર ગતિઃ સકસ્માત્, સ્વદેશસરાગેણ હિ યાતિ નાશમ્ ।**
**તાતસ્ય કૂપો અયમિતિ બ્રવાણાંઃ, ક્ષારંજલં કાપુરુષાઃ પિબન્તિ ॥**

ઉપરોક્ત શ્લોક હિતોપદેશમાંથી લેવામાં આવેલ છે.

જે વિશ્વના કોઈપણ ખૂણે જઈ શકવાને માટે તાકાતવાન, દૃષ્ટિ, શક્તિ અને સામર્થ્ય ધરાવે છે. તે 'સ્વદેશ' માટે પ્રેમ રાખીને દેશમાં જ પડ્યા રહેવાનો કોઈ અર્થ ખરો ? અર્થાત તેણે પ્રગતિ માટે અન્ય સ્થળે જવું હિતકર છે. આ મારા પિતાનો બંધાવેલો કૂવો છે એમ કહી એ કૂવાનું પાણી ખારું હોય તો પણ પીધે રાખનારા બાયલા ભીરું કહેવાય.

જયારે વ્યક્તિમાં શક્તિ અને આવડત હોય છતાં અહીં બેકારી ભૂખમરામાં જીવવાનું આવે ત્યારે વતનનો મોહ છોડી અન્ય રાજય કે દેશમાં ધંધાર્થે જવું જ જોઈએ.

પરંતુ ધનાઢ્ય હોય, આવકની ખાસ ચિંતા ન હોય અને પોતે કોઈ બાબતમાં નિષ્ણાંત હોય ત્યારે પોતાના જ્ઞાન અને કૌશલ્યનો લાભ પોતાના દેશને જરૂર આપવો જોઈએ.

રાષ્ટ્રપ્રેમ - રાષ્ટ્રહિતના ભોગે પરદેશ ન જવું પણ - સ્વકલ્યાણ માટે જરૂરી જવું.

### સુવિચાર

- એના એ જ માણસનો વખત બદલાય છે, સૌની આંખ, સંબોધન તરત બદલાય છે - **જીવન પાથેય**
- ઘાસ થઈને ઊગવું હળવું નથી, હું પણ તરછોડવું હળવું નથી - **ડોંગરેજી**
- કાર્યમાં કુશળતા અને ચતુરાઈ વધારો, થોડા સમય અને ખર્ચમાં સુંદર કાર્ય કરો - **અખંડ આનંદ**
- મનુષ્યનો પ્રયત્ન જો ન્યાય ભક્તિ-ધર્મ યુક્ત હોય તો તે કાર્ય પર ઈશ્વરી અનુગ્રહ ઊતરે જ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- પૈસા આવે ત્યારે ખર્ચનું લશ્કર લઈને આવે છે એજ પેસો જયારે જયારે જાય છે ત્યારે પોતે એકલો જાય છે એન પેલું લશ્કર મુકતો જાય છે - **ભીખુદાન ગઢવી**
- માત્ર એટલા ખાતર કોઈ ખ્યાલને ખોટો ન ઠરાવવો કે એ તમારો ન હોય - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : સફેદ કાંદાને પીસી તેમાં ખાંડ-દહીં મેળવીને ખાવાથી એસીડીટી મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જૂના જમાનાના અમેરિકન ઉદ્યોગપતિ કે.ટી. કેલર, ઔદ્યોગિક જગતમાં અગ્રણી નામ. ક્રાઈસ્લર કોર્પોરેશનની રચના કરી ત્યારે એમના કાર્યમાં ઘણા બધા ઉતાર ચડાવ આવ્યા. એમણે સંપૂર્ણ માનસિક સ્વસ્થતા જાળવી એક સામ્રાજય ઊભું કર્યું. આ દરમિયાન તેઓ સદાય હસતા અને ચિંતામુક્ત રહેતા. એમને જોઈ એમના મિત્રએ પૂછ્યું, 'આપ આવડા મોટા ઉદ્યોગપતિ છો. મોટી આર્થિક જવાબદારીનું વહન કરો છો તેમ છતાં આટલા બધા હળવાફૂલ કેમ રહો છો?' કે.ટી. કેલરે જવાબમાં કહ્યું, 'ઘણી વાર કપરી પરિસ્થિતિ ઊભી થતી હોય છે. શું કરવું અને શું ના કરવું વાળી સ્થઈતિ પણ આવે જ છે. આવા સમયે હું મારી તમામ શક્તિ સાથે એ પ્રશ્નના ઉકેલ માટે પુરુષાર્થ કરું છું અને મનમાં એક પણ વિચારું છું કે આ કાર્ય કરતી વખતે આટલું કર્યું હોય તો વધુ સારું થાય એવો વસવસો કયારેય કરવાનો ન રહે તે રીતે મહેનત કર્યે જાઉં છું.' મિત્રએ પૂછ્યું, 'ધારે કે તમે કોઈ બાબતમાં તદન નિઃસહાય હોવ તો તમે શું કરો ?' કેલરે કહ્યું, 'ત્યારે એને હું ભૂલી જાઉં છું.'

મિત્રએ પૂછ્યું, 'તમને ભવિષ્યની કાંઈ બીલ લાગે છે ખરી?' કેલરે કહ્યું, 'આ દુનિયાનો કોઈ માણસ સાચુ - ભવિષ્ય ભાખી શકતો નથી. ભવિષ્યમાં બનનારી માટે અનેક પરિબળો કાર્ય કરતા હોય છે એને વિશે ખુદ માણસને જ પૂરી ખબર નથી, તો પછી ભવિષ્યમાં આવું પરિણામ આવશે એમ ધારીને માનીને ખોટી ચિંતા કરી તબિયત બગાડવાનો શો અર્થ??'

# દેશ પહેલાં... પક્ષ પછી...

**તંત્રીસ્થાનેથી...**

પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સામાં 'અમ્ફાન' વાવાઝોડાથી સર્જાયેલી બેસુમાર તારાજીના હવાઈ નિરીક્ષણ બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજય સરકારની કામગીરીના વખાણ કર્યા અને એક હજાર કરોડ રૂપિયાના સહાયની જાહેરાત કરી. જો કે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ સહાયની સામે અસંતોષ વ્યક્ત કરતા કહ્યું હતું કે, એક લાખ કરોડના નુકશાન સામે એક હજાર કરોડની સહાય મામૂલી છે. પશ્ચિમ બંગાળે સદીની સૌથી મોટી આફત અનુભવી છે. ત્યારે કેન્દ્ર સરકારે કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર સહાય કરવી જોઈએ એમ મમતા દીદીનું કહેવુ છે. બીજી તરફ પ્રધાનમંત્રીએ આફતના સમયે રાજય સરકારની કામગીરીને બિરદાવી તે એક શુભ સંકેત છે. એટલું જ નહીં પણ સકારાત્મક રાજનીતિનો આદર્શ નમૂનો ગણી શકાય.

મતભેદ હોઈ શકે, રાજકીય વિચારધારા વિભિન્ન્ હોઈ શકે, પરંતુ જયારે રાષ્ટ્રહિતની વાત આવે ત્યારે વિચારભેદથી પર ઉઠીને કર્તવ્ય અદા કરવું જોઈએ એ જ રાષ્ટ્રીય ધર્મ છે. મમતા બેનરજીએ પણ આફતનો આંખ્યે દેખ્યો અહેવાલ મેળવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને હવાઈ નિરિક્ષણ માટે નિમંત્રણ કરવાનું નોતરું પણ સમયસરનું અને સકારાત્મક હતું. આમ બંને પક્ષે આફતના સમયે સકારાત્મક રાજનીતિનો નવો અધ્યાય શરૂ થતો હોય એમ લાગે છે.

છેલ્લા છ વર્ષથી ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ તીવ્રતાથી રાજકીય જંગ લડે છે. દેશમાં બીજા કોઈ પણ રાજકીય પક્ષ કે નેતા કરતાં ભાજપ પર તીખા પ્રહારો કરવામાં મમતા દીદી હંમેશા અગ્રેસર રહ્યા છે. એ જ રીતે પ્રધાનમંત્રી મોદી હોય કે ગૃહમંત્રી અમિતભાઈ શાહ હોય કે ભાજપના કોઈ પણ નેતા હોય મમતા બેનરજી પરની તીખી પ્રતિક્રિયા આપવાનું કોઈ છોડતું નથી. છેલ્લી લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપે એડી ચોટીનું જોર લગાવી મમતા બેનરજીનો દબદબો ઝાંખો પાડ્યો હતો. પરંતુ આ ઝનૂની નેતા આજે પણ બંગાળમાં એટલી જ લોકપ્રિયતા ધરાવ છે. આ દેશના રાજનેતાઓમાં સૌથી વધુ સાદગીનો સ્પર્શ કરાવવામાં મમતા બેનરજી મોખરે રહ્યા છે. સ્લીપર પહેરીને આઠ-આઠ, દસ-દસ કિલોમટીર પ્રજી સાથે ચાલવાનું કૌવત મમતા બેનરજી સિવાય અન્ય કોઈ નેતામાં નથી તે સ્વીકારવું જ રહ્યું. અને એટલે જ ભાજપને મમતા બેનરજી આંખની કણાની જેમ ખૂંચે છે. આમ છતાં 'અમ્ફાન'ની આફત મોદી અને મમતાને નજીક લાવવામાં નિમિત્ત બન્યું એ સ્વીકારવું જ રહ્યું.

દેશભરમાં કોરોનાએ કહેર વર્તાવ્યો છે દેશના મોટા ભાગના રાજયો કોરોનામાં સપડાયા છે અને બબ્બે મહિનાથી લોકડાઉનના કારણે રાજયોની અને દેશની આર્થિક સ્થિતિ ડામાડોળ બની છે. બેરોજગારીનું પ્રમાણ વધ્યું છે. હજ્જારો લાખો શ્રમિકો ધંધા-રોજગારના સ્થળો છોડીને વતન પહોચ્યા છે. ત્યારે નજીકના ભવિષ્યમાં વેપાર-ઉદ્યોગ કેવી રીતે ચાલુ થશે એ એક મોટ પ્રશ્નાર્થ છે...! એક તરફ કોરોનાનો કહેર છે, આર્થિક સમસ્યા ઘેરાયી છે પાકિસ્તાન અને ચીન રોજ સરહદ પર છમકલા કરે છે. ગુજરાત - રાજસ્થાનના ખેતરોમાં તીડ ત્રાટકીને પાયમાલી સર્જે છે. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ભૂકંપના આંચકાઓ ખમતા નથી અને અમ્ફાને બંગાળ અને ઓરિસ્સામાં તબાહી સર્જીછે. આખો દેશ સમસ્યાઓથી ઘેરાયો છે. ત્યારે રાજકીય સમીકરણોને અભેરાઈને ચડાવી રાષ્ટ્રહિતમાં એકમેકને પુરક બનવાની જરૂરિયાત છે. કેન્દ્ર સરકાર હોય કે રાજય સરકાર હોય, કોંગ્રેસ હોય કે ભાજપ હોય, ઉદ્યોગપતિ હોય કે શ્રમિક હોય સૌએ ભેદ કે સત્તાભેદ છોડીને એકમેક દેશવાસીના જીવન માટે જંગ લડવાનો છે. એકમેકને સધિયારો આપવાનો છે. એકમેકને પુરક બનવાનું છે અને સૌએ સાથે મળીને આ સમસ્યાઓના સંકટમાંથી દેશને વિજય અપાવવાનો છે.

# કોયલે કો કીતના ભી ધો લોપસર્ફ સે, નિરમા સે, રીન સે, વો હમેશા કાલા કા કાલા હી રહતા હૈ...



## વિચારયાત્રા

ડાયલોગથી દેવભાષા

**કોયલે કો કીતના ભી ધો લોપસર્ફ સે, નિરમા સે, રીન સે, વો હમેશા કાલા કા કાલા હી રહતા હૈ..**

**- વેલકમ**

ઈ.સ. ૨૦૦૭માં નાના પાટેકર, અનિલકપૂર અક્ષયકુમાર, અને પરેશ રાવલ અભિનિત તથા અનીસ બાઝમી દિગ્દર્શિત 'વેલકમ' ફિલ્મના સંવાદ રાજીવ કૌલ અને પ્રફૌલ પારેખે લખ્યાં હતાં.

આટલા બધા કલાકારોનો જમાવડો હોવા છતાં, પરેશ રાવલનું કોમિક ટાઇમિંગ અને સંવાદ બોલવાની તેમની અલગ પ્રતિભાને કારણે 'ઘુંઘરું સેઠ' તરીકેનું તેમનું પાત્ર ખૂબ જ પ્રચલિત થયું હતુ. તેમનો જ 'હંગામા' ફિલ્મનો એક સંવાદ છે કે – "કૌવા કિતના ભી વોશિંગ મશીન મે નહા લે,બગુલા નહી બન સકતા "

કોઈ પણ વગર લાયકાતવાળો વ્યક્તિ ભલે ગમે તેટલો પ્રયત્ન કરે પરંતુ તે ક્યારેય યોગ્ય લાયકાત વાળા વ્યક્તિની બરાબરી કરી શકતો નથી.

આવા જ અર્થને દર્શાવતો એક શ્લોક 'નભારણમ' નામક ગ્રંથમાં મળી આવે છે.

**ઉચ્ચાસનગતો નીચો નીચ એવ ન ચોત્તમઃ ।**
**પ્રાસાદશિખરસ્થઃ અપિ કાકો ન ગરુડાયતે ॥**

ઊંચા આસન પર બેઠેલો નીચ પણ નીચ જ રહે છે, ઉત્તમ નથી બની જતો. મહેલના શિખર ઉપર બેઠેલો હોવા છતાં કાગડો ગરુડ નથી બની જતો.

આપણાં સમાજમાં ઘણાં એવા ખોટા અને ખાલી-ખમ લોકો ઊંચા સ્થાન પર લાગવગથી કે પૈસાના જોરે ચઢી બેસેલા જોવા મળે છે.

પરંતુ આવા હીન કે નિમ્ન કોટીના વ્યક્તિ ગમે તેટલા સફેદ કપડા ધારણ કરીને ફરતો હોય તેના કાળા કર્મ ક્યારેય તેનાથી ઢંકાઈ જતા નથી.

- jayuoza@gmail.com
Mo.9898046488

# સૌજન્યશીલ રાજવીની સ્મૃતિ : કૃષ્ણકુમારસિંહજી



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

ભાવનગરના છેલ્લા પ્રજાપ્રિય રાજવી કૃષ્ણકુમારસિંહજી એક સુઆયોજિત નગર રચના સાથેનું નગર ઊભું કરવા માંગે છે. આ કામને દોરવણી આપી શકે તેવા કુશળ અધિકારીની તેમને શોધ છે. ગોંડલ રાજ્યમાં આ પ્રકારનું કાર્ય કરી શકે તેવા અધિકારી છે તેવી જાણકારી મળે છે. આથી આ અધિકારીની કામગીરી વગેરે બાબતો અંગે અવિધિસર રીતે જાણકારી મેળવવાનું કામ મહારાજા રાજ્ય વહીવટી કાઉન્સીલના સભ્ય ઘોઘાવાલાને સોંપે છે. પૂરતી તપાસ કરીને ખાન બહાદુર ઘોઘાવાલા મહારાજા પાસે આવે છે. મહારાજા તથા ઘોઘાવાલા વચ્ચે સંવાદ ચાલે છે :

ઘોઘાવાલા મહારાજને કહે છે : "હજુર આપણે બીજો માણસ શોધવો પડશે."

રાજવી પૂછે છે : કેમ ? આપણે ગોંડલમાં કામ કરતા એક અધિકારી વિશે વિચાર કરતા હતાને ? તેનું શું થયું ?

ઘોઘાવાલા : ગોંડલથી એમના માટે અભિપ્રાય મેળવ્યો છે. જે અધિકારીનો આપણે વિચાર કરતા હતા તેઓ કામ સારું કરે છે. ગોંડલમાં તેમની તારીફ પણ ઘણી થાય છે.

મહારાજા : "તો પછી તેમને ભાવનગર રાજ્યમાં લાવવામાં શી મુશ્કેલી છે ? "

ઘોઘાવાલા : તેમનું કામ તો સારું છેજ. પરંતુ મુશ્કેલી એવી જાણી છે કે તેઓ ઘણો વિચાર તથા અભ્યાસ કરીને રાજ્યના કામમાં અભિપ્રાય આપે છે. પરંતુ અભિપ્રાય આપ્યા પછી તેઓ પોતાનો મત બદલતા નથી. મહારાજા કૃષ્ણકુમારસિંહજીનો રાજયહીતનો નિર્ણય હવે સાંભળવા જેવો છે. તેઓ કહે છે : " જો આ બાબતજ હોય તો તેમાં કશી મુશ્કેલી નથી. જે પોતાના મતને વળગી રહે એ તો સારો અમલદાર કહેવાય. "

રાજ્યના શાસક રાજ્યના અધિકારીનો મત રાજ્યના હિતમાં હોય પરંતુ પોતાના અંગત મતથી જુદો પડતો હોય ત્યારે શું કરી શકે ? આ મતની સુયોગ્યતા જોઈને રાજવી તેને સ્વીકારે. એમ પણ થાય કે સાચો મત આપનાર અધિકારી તરફ નારાજગી દર્શાવી આવા અધિકારીને મૂંગા કરવાનો કે તેમની અવગણના કરવાનો પ્રયાસ કરે. ભાવનગર રાજ્યના આ ખાનદાન રાજવીએ અધિકારીના સાચા મતનું સમર્થન કર્યું. જે રાજ્યમાં રાજવીનું વલણ આવું ઉદાર તથા ગરીમાપૂર્ણ હોય ત્યાંજ ગગા ઓઝા કે સર પ્રભાશંકર પટ્ટણી જેવા શ્રેષ્ઠ વહીવટી અમલદારો મળી શકે અને પૂર્ણ શક્તિથી મહોરી ઊઠે. કોઈપણ વ્યવસ્થાતંત્રને મજબૂત કરવાનો આ મૂળભૂત સિધ્ધાંત છે. સુયોગ્ય વહીવટકર્તાને કામ કરવાનું સ્વાંતંત્ર્ય આપવામાં આવે ત્યારે કામની સફળતાના ચમત્કારિક પરિણામો આવી શકે છે. આણંદના પીઢ તેમજ ઘડાયેલા સહકારી આગેવાન ત્રિભુવનદાસ પટેલે ડૉ. કુરિયનને સહકારી ધોરણે દૂધ મંડળીઓ અને દૂધ સંઘો ચલાવવા માટે મોકળું મેદાન આપ્યું અને એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત 'અમૂલ' મોડેલનું જગતને દર્શન થયું.

જે કૂશળ અધિકારીની ભાવનગરને શોધ હતી તેઓ ભાવનગર માટે અજાણ્યા ન હતા. વી. સી. મહેતા નામના આ કૂશળ અધિકારી ગોંડલ રાજ્યના મુખ્ય ઈજનેર તરીકે કામ કરતા હતા. તેમણે તેમની વહીવટી બાહોશીને કારણે પ્રસિધ્ધિ તેમજ રાજ્યનો સ્નેહ મેળવ્યા હતા. જે પ્રોજેક્ટ માટે મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ મહેતાને બોલાવ્યાહતા તે વાત પણ ઘણી મહત્વની છે. ભાવનગરના રાજવી ભાવનગરના મધ્યમવર્ગના લોકોની સુવિધા માટે એક સુઆયોજિત નગરનું નિર્માણ કરવા માગતા હતા. શહેરીકરણ પણ પૂર્વ આયોજનથી કેટલું હેતુપૂર્ણ અને ઉપયોગી કરી શકાય તેનું આ જ્વલંત ઉદાહરણ છે. ચંદીગઢ કે ગાંધીનગરના નિર્માણની કલ્પના પણ ન હતી ત્યારે આયોજિત નગર રચનાનો આ દીર્ઘદ્રષ્ટિયુક્ત નિર્ણય કૃષ્ણકુમારસિંહજીએ કર્યો તે વાત ભાવનગર રાજયના વહીવટી કૌશલ્યની શાક્ષી પૂરાવે છે. આવા અનેક જાણીતા તેમજ પ્રમાણમાં ઓછા જાણીતા પ્રસંગો ગંભીરસિંહજી ગોહિલે 'પ્રજાવત્સલ રાજવી' નામાના તેમના દળદાર તેમજ વિગત પ્રચૂર ગ્રંથમાં કરેલો છે. ૧૯ મે ૧૯૧૨ માં જન્મેલા મહારાજા કૃષ્ણકુમારસિંહજીની વિશેષ સ્મૃતિ મે માસમાં થાય તે સ્વાભાવિક છે.

ભાવનગરના મહારાજા ભાવસિંહજીનું ૧૭મી જુલાઈ – ૧૯૧૯ના રોજ અવસાન થયું. કૃષ્ણકુમારસિંહજી તે વખતે સગીર હતા. ગાદી વારસ માટે તેમને જાહેર કરવામાં આવ્યા. ફરી એક વખત મુશ્કેલીના સમયમાં બ્રિટિશ સરકારે તેમજ ભાવનગરની પ્રજાએ સર પ્રભાશંકર પટ્ટણીને યાદ કર્યા. સર પટ્ટણીની સંમતિ મળતા તેમના પ્રમુખપદ હેઠળ ચાર સભ્યોની એક વહીવટી કાઉન્સીલનું ગઠન થયું. વહીવટી કાઉન્સીલે ૧૯૩૧ સુધી ભાવનગરનો વહીવટ ઉત્તમ પ્રકારે ચલાવ્યો.

સર પ્રભાશંકર પટ્ટણી એક તરફ ગાંધીજીના મિત્ર તેમજ ગાંધી વિચારને અનુસરનારા હતા.બીજી તરફ બ્રિટિશ રાજ્ય સાથે સુમેળ જળવાઈ રહે તે પણ તે સમયની રાજ્યની સ્થિતિમાં જરૂરી હતું. પટ્ટણી સાહેબ કૂશળતાપૂર્વક આ સ્થિતિને સંભાળતા હતા. બ્રિટિશ સત્તા નિયમ અનુસાર સગીર રાજવી ૨૦ વર્ષના થાય ત્યારે સામાન્ય રીતે ગાદી સુપરત કરવામાં આવતી હતી. સર પટ્ટણીના પ્રયાસોને કારણે તેમજ સગીર મહારાજાની વહીવટી ક્ષમતા ધ્યાનમાં લઈ કૃષ્ણકુમારસિંહજીને એક વર્ષ વહેલા રાજગાદી સોંપવામાં આવી. સત્તા સ્વીકારવાના ભવ્ય સમારંભમાં નવનિયુક્ત રાજવીએ પ્રજાકલ્યાણ તરફ પોતાની પૂર્ણ પ્રતિબધ્ધતા જાહેર કરી.

મહારાજા કૃષ્ણકુમારસિંહજીની વિશેષ પ્રસિધ્ધિ અને લોકપ્રિયતા થવાના કારણોમાં એક મહત્વની વાત તે તેમની અપ્રતિમ ઉદારતા હતી. જવાબદાર રાજ્યતંત્ર આપવાનો તેમણે નિષ્ઠાપૂર્વક પ્રયાસ કર્યો. એજ રીતે સમયને પારખીને તેઓએ દેશ આઝાદ થયો ત્યારે પોતાના વિશાળ તેમજ સમૃધ્ધ રાજયનો સમાવેશ ભારત સરકારમાં થાય તે માટે સ્વેચ્છાએ રાજ્યનું સમર્પણ કર્યું હતું. દેશના કેટલાક બીજા રાજવીઓ યેન કેન પ્રકારેણ પોતાની સત્તા ટકાવવાના પ્રયાસમાં હતા. આ સમયમાં કૃષ્ણકુમારસિંહજીનું આ સ્વાર્પણ ગાંધીજીએ પણ વખાણ્યું હતું. જે એક અનોખી તેમજ અજોડ કથા છે. એક સમર્પિત તેમજ પવિત્ર રાજપુરુષ તરીકે કૃષ્ણકુમારસિંહજીનું નામ ઈતિહાસમાં અમર થવા સર્જાયેલું છે.

# સુધારો એક પ્રકારનો રોગ અને અધર્મ છે

## ભોગવાદી સંસ્કૃતિના સુધારા સામે ગાંધીનું ચિંતન



## ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

મહાત્મા ગાંધીએ 'હિંદ સ્વરાજ' પુસ્તકના પ્રકરણ છમાં હિંદ સુધારાનું દર્શન કેવું હોવું જોઈએ એ બાબત દર્શાવી છે. વાચક અને અધિપતિના સંવાદ થકી સર્જાયેલા આ પુસ્તકમાં વાચક સવાલ કરતા કહે છે, 'હિસાબે તો સુધારો તો કુધારો થયો.'

અધિપતિ આ સંદર્ભમાં જણાવે છે કે મારે હિસાબે જ નહીં પણ અંગ્રેજ લેખકોના હિસાબે પણ સુધારો કુધારો છે. એક લેખકે તો 'સુધારો અને તેનાં કારણો અને તેની દવા નામનું પુસ્તક પણ લખ્યું છે. તેમાં તેણે સુધારો એ એક પ્રકારનો રોગ છે એમ બતાવી આપ્યું છે.

પેલો આમ આદમી - જનસામાન્યનો પ્રતિનિધિ એવો વાચક સવાલ કરે છે 'આ બધું આપણે કેમ નથી જાણી શકતા ?' - જે સવાલ અત્યારે સૌને થાય એવો સવાલ આવે છે ને જવાબ આપતા અધિપતિ કહે છે, 'સુધારામાં મોહાઈ પડેલો માણસ તેની સામે નહીં લખે કારણ કે કોઈ પણ માણસ પોતાની વિરુદ્ધ વાત કરે એવું ભાગ્યે જ બને. વિરોધ તો ના કરે પણ તેને ટેકો મળે એવી વાતો અને દલીલો શોધી કાઢે. અને તેમાં બહુ હોંશિયાર અને ભલા માણસો પણ ફસાઈ પડે છે.'

ગાંધી સુધારા એટલે શું ? એ સમજાવતા (અધિપતિ તરીકે) કહે છે, 'આ સુધારાની ખરી ઓળખ તો એ છે કે માણસો બહિર્‌ની શોધોમાં ને શરીરના સુખમાં સાર્થકય અને પુરુષાર્થ માને છે. એનો દાખલો આપતા કહે છે યુરોપમાં લોકો સો વરસ પહેલા જેવા ઘરમાં રહેતા હતા તેના કરતાં હાલ વધારે સારા ઘરમાં રહે છે. આ સુધારાની નિશાની છે. આમાં શરીર સુખની વાત રહેલી છે. અગાઉ માણસો ચામડાના વસ્ત્ર પહેરતા અને ભાલા વાપરતા હતા. હવે તેઓ મોટા લેંઘા પહેરે છે ને શરીર શણગારને સારું તરહેવાર કપડાં બતાવે છે. તથા ભાલાંને બદલે એક પછી એક પાંચ ઘા કરી શકે એવી ચક્કરવાળી બદૂંકડી વાપરે છે; તે સુધારાની નિશાની છે.'

સમાજ સુધારો કોને ગણે છે એના બીજા ઉદાહરણો આપતા તેઓ લખે છે અગાઉ માણસો સાધારણ હળથી જમીન ખેડતા, પોતાના જોગીજમીન ખેડવાના બદલે હવે યંત્રોથી ઘણી જમીન ખેડે છે અને ખૂબ પૈસા એકઠો કરી શકે છે; તે સુધારાની નિશાની ગણાય છે. આ ખરેખર સુધારો છે એવો કટુ પ્રશ્ન પૂછવાના બદલે તેઓ લખે છે, અગાઉ માણસો કોઈક જ પુસ્તક લખતા તે અમૂલ્ય ગણાતાં, આજે જેને જેવું ફાવે તેવું લખે છે ને છાપે છે તથા લોકોના મન ભમાવે છે; આ સુધારાની નિશાની છે. ગાંધીએ તો સંસાર સુધારો ગણવામાં આવે છે એની વાત ૧૯૦૯માં લખી છે પરંતુ આજેય તેમની વાતને ચકાસીએ તો સંસાર સુધારાની માન્યતા આપણી સહેજ પણ બદલાઈ નથી એ સમજવું જોઈએ. ગાંધી આ પ્રકારના સુધારાને સંસાર સુધારા ગણતા ન હતા.

ગાંધી આગળ લખે છે અગાઉ ખુલ્લી હવામાં લોકો પોતાને ઠીક પડે તેટલું કામ સ્વતંત્રપણે કરતા હતા. પણ અત્યારે હજારો મજૂરો પોતાનાં ગુજરાનને ખાતર મોટા કારખાનાઓમાં કામ કરે છે તેઓની દશા જાનવર કરતાં હલકી થઈ પડી છે. કારખાનાઓમાં જાનની ખુવારી કરી કામ કરવું પડે છે. આનો ભોગ પૈસાદાર માણસોને મળે છે. અગાઉ માણસોને મારીને ગુલામ કરતા, હાલ માણસોને પૈસાની , પૈસાની અને ભોગની લાલચ આપીને ગુલામ બનાવ છે. આ લખાણ જોતાં ગાંધીની દૃષ્ટિ કેટલી દિર્ઘ હતી એ સમજાય છે. એ સમય દુનિયાના ગોરા લોકો ગરીબ દેશોમાં લોકોને ગુલામ બનાવતાં હતા. ગાંધીએ અહિંસક આંદોલન છેડ્યું અને ભારતીય પ્રજાને આઝાદી માટે સંગઠીત કરી અને લાંબા સંઘર્ષ પછી આઝાદી મેળવી. એ પછી દુનિયાના માલેતુજાર રાષ્ટ્રોને ખબર પડી કે હવે કોઈ પણ દેશને સીધેસીધો ગુલામ બનાવી શકાશે નહીં. અને એના પગલે આ વિકસિત રાષ્ટ્રોએ નાના કે મોટા ગરીબ રાષ્ટ્રોને સીધા નહીં પણ આડકતરી રીતે ગુલામ બનાવવાના કારસ ઘડ્યા. એના ભાગરૂપે જ વિશ્વ બેંક, ઈન્ટરનેશનલ મોનિટરિંગ ફંડ કે એશિયન ડેવલપમેન્ટ બેંક જેવી સંસ્થાઓ થકી ગરીબ રાષ્ટ્ર અને તેના નાગરિકોને ગુલામ બનાવીને આર્થિક શોષણ શરૂ કર્યું. જે આજે પણ આપણે જોઈ શકીએ છીએ. આ માલેતુજાર રાષ્ટ્રોની કઠપૂતળી સમાન સંસ્થાઓ ગરીબ દેશોને લાંબા ગાળાના વિકાસના નામે લોન આપે. થોડા વર્ષો સુધી તો લોનની કોઈ ભરપાઈ નહીં કરવાની પણ છૂટ આપે. એનું વ્યાજ ચૂકવવામાંથી પણ મુક્તિ આપે પરંતુ જયારે એ લોન અને વ્યાજ ભરપાઈ કરવાની આવે ત્યારે તેમણે આપેલી વિદેશી હુંડિયામણ ઢસડી જતી લોન આ વિકાસશીલ રાષ્ટ્રોને વધુ ને વધુ કંગાળ અને પાયમાલ બનાવતી એક વ્યવસ્થા હોય એવી રીતે વર્તે. આ ધનિક દેશો પોતાનું જ ચલણ હોય એમાં લોન આપે, લોન ભરપાઈનો ગાળો મોટો રાખે અને એ દરમિયાન એ એવી રીતે શોષણ પદ્ધતિ દાખલ કરે કે જે ગરીબ રાષ્ટ્રને લોન આપી હોય તેનું ચલણ (નાણું) દિવસે દિવસે ઘટતું જાય અને સરવાળે એને લોનના વ્યાજ અને મુદ્દલની રકમ એટલી બધી ચૂકવી પડે કે એ દેશ આર્થિક અને સામાજિક રીતે વધુને વધુ કંગાળ બની જાય. અને હંમેશ માટે તેને મૂડીપતિ દેશનું આધિપત્ય સ્વીકારવું પડે

ગાંધી આ વાત આજથી ૧૧૧ વર્ષપહેલા સમજતા હતા તેથી જ તેમણે સુધારાને સૌથી મોટો અધર્મ ગણાવ્યો હતો. અને ભૌતિકવાદી સંસ્કૃતિનો તેઓ પ્રચંડ વિરોધ કરતા હતા.